# રાજ્ય પરીક્ષા બોર્ડ

સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર - ૩૮૨૦૨૧

ફોન નંબર : (૦૭૯) ૨૩૨૪૮૪૬૧,૨૩૨૪૮૪૬૨ ઈ-મેઈલ એડ્રેસ : gseb21@gmail.com


## "શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) - ૨૦૨૬ પ્રાથમિક પરીક્ષાનાં પરીણામનું જાહેરનામું"

જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT-HS/૨૦૨૬/૫૧૬૭-૭૧ તા:૧૬/૦૬/૨૦૨૬

શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/5921/G, તા.૨૯/૦૪/૨૦૨૩ તથા તેમાં થયેલ વખતોવખતના સુધારા ઠરાવ ધ્યાને લઈ રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૦૫/૦૨/૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT-HS/૨૦૨૬/૨૦૪૨-૨૦૮૨ થી તા:૧૨/૦૪/૨૦૨૬ (રવિવાર) ના રોજ "શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) - ૨૦૨૬" ની પ્રાથમિક કસોટીનું આયોજન કરવામાં આવેલ હતું. પરીક્ષા પૂર્ણ થયેથી તમામ ઉમેદવારોની OMR તા:૧૫/૦૪/૨૦૨૬ નાં રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

"શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) - ૨૦૨૬" ની પ્રાથમિક કસોટીની પ્રોવિઝનલ આન્સર કી તા:૦૨/૦૫/૨૦૨૬ નાં રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. સંબંધિત પ્રોવિઝનલ આન્સર-કી સંદર્ભે રજૂઆત કરવા અંગેની વ્યવસ્થા તા:૦૪/૦૫/૨૦૨૬ થી તા:૧૦/૦૫/૨૦૨૬ દરમિયાન ઓનલાઈન પોર્ટલ પર કરવામાં આવેલ હતી. સદર રજુઆતોની ચકાસણી સંદર્ભે તા:૧૮/૦૫/૨૦૨૬ થી તા:૨૨/૦૫/૨૦૨૬ દરમિયાન સંબંધીત વિષયનાં તજજ્ઞશ્રીઓનો વર્કશોપ રાખવામાં આવેલ હતો. ઉમેદવારોની આવેલ તમામ રજૂઆતની વર્કશોપમાં ચકાસણી કર્યા બાદ તજજ્ઞશ્રીઓ દ્વારા લેવામાં આવેલ નિણર્યને આધારે તા:૦૪/૦૬/૨૦૨૬ નાં રોજ ફાઈનલ આન્સર-કી પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૧૨/૦૪/૨૦૨૬ ના રોજ લેવાયેલ "શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) - ૨૦૨૬" ની પ્રાથમિક કસોટી નું પરીણામ આજે તા:૧૬/૦૬/૨૦૨૬ ના રોજ નીચે મુજબની વિગતે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

| ક્રમ | માધ્યમ | નોંધાયેલ | હાજર | ૭૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા | ૮૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા | ૯૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા | ૧૦૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા | ૧૨૦ કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ગુજરાતી | 160182 | 143734 | 50066 | 33330 | 20067 | 10404 | 1584 |
| 2 | અંગ્રેજી | 4150 | 3296 | 1696 | 1170 | 744 | 424 | 74 |
| 3 | હિન્દી | 692 | 554 | 209 | 144 | 82 | 48 | 8 |
| | કુલ | 165024 | 147584 | 51971 | 34644 | 20893 | 10876 | 1666 |

❖ અગત્યની સૂચનાઓ:

- સદર પરીક્ષાનાં પરિણામમાં ૩૫% એટલે કે ૭૦ કે તેથી વધુ ગુણ લાવનાર ઉમેદવાર મુખ્ય પરીક્ષા માટે ક્વોલિફાય ગણાશે.
- સદર પરિણામ અત્રેની કચેરીની વેબસાઈટ WWW.SEBEXAM.ORG પર ઉમેદવારનાં બેઠક નંબર અને જન્મ તારીખની મદદથી જોઈ શકાશે.
- પરીણામ બાબતે વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત તેમજ અન્ય વિગતોની ચકાસણી મુખ્ય પરીક્ષા બાદ ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ આખરી રહેશે.
- સદર પરીક્ષાની OMR ની પુનઃચકાસણી કરાવવા ઈચ્છતા ઉમેદવારો માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર – ૨૧, ગાંધીનગર ખાતે તા:૧૮/૦૬/૨૦૨૬ થી તા:૩૦/૦૬/૨૦૨૬ સુધી કામકાજનાં દિવસોમાં સવારે ૧૧:૦૦ વાગ્યાથી સાંજે ૦૫:૦૦ વાગ્ય સુધી ઉમેદવારની રૂબરૂમાં કરી આપવામાં આવશે.
- પુનઃચકાસણી કરાવવા માંગતા ઉમેદવારે રૂબરૂમાં પોતાની હોલ ટીકીટ, OMR ની નકલ સાથે લેખિત અરજી કરી રૂ. ૧૦૦/- અત્રે જમા કરવવાનાં રહેશે. (લેખિત અરજીનો નમુનો આ સાથે સામેલ છે.)
- તા:૩૦/૦૬/૨૦૨૬ બાદ પુનઃચકાસણીની કોઈ પણ અરજી ધ્યાને લેવામાં આવશે નહિ. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

**નોંધ**:

- સદર પરીક્ષા અંતર્ગતની ગુજરાતી માધ્યમની મુખ્ય પરીક્ષાનું આયોજન તા:૧૯/૦૭/૨૦૨૬ નાં રોજ કરવામાં આવનાર છે અને અંગ્રેજી તથા હિન્દી માધ્યમની મુખ્ય પરીક્ષાનુ આયોજન સંભવિત ઓગષ્ટ માસમાં કરવામાં આવનાર છે.
- મુખ્ય પરીક્ષા માટે ક્વોલીફાઈ થયેલ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા માટે અલગ થી આવેદન પત્ર કે ફી ભરવાની રહેશે નહિ. મુખ્ય પરીક્ષાની હોલટીકીટ અને અન્ય વિગતોથી સતત માહિતગાર થવા માટે **http://www.sebexam.org** વેબસાઈટ જોતા રહેવાનું રહ્શે.

(પી.કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ: ગાંધીનગર
તા:૧૬/૦૬/૨૦૨૬

નકલ સવિનય જાણ સારૂ:

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્ય કક્ષાનાં શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, રા.ક. શિક્ષણ મંત્રીશ્રીનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન. અગ્રસચિવશ્રી, (પ્રા. અને મા. શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર – ૧૯, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ઉચ્ચત્તર માધ્યમિક અને ઉચ્ચત્તર ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર